# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસની જૂથબંધી દેખાઈ

**સમિતિઓના ચેરમેનોની વાત અધિકારીઓ સાંભળતા નથી તો રેતી કાંકરીનીગ્રાન્ટની આડેધડ ફાળવણી કરવાની નીતિ સામે સભ્યોએ જ વિરોધ કર્યો વિપક્ષની વાતોને બહુમતિથી દબાવી દેવામાં કોંગ્રેસ માહિર પુરવાર થઈ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની મળેલ ખાસ સામાન્ય સભામાં કોંગ્રેસની જૂથબંધીના વરવા દૃશ્યો બહાર આવ્યા હતા. રેતી-કાંકરીની ગ્રાન્ટની અસામન વહેંચણી તેમજ સમિતિઓના ચેરમેનોને અધિકારીઓ વિશ્વાસમાં લેતા નથી અને ચેરમેનો માત્ર પંખાની હવા ખાવા આવતા હોય તેવુ લાગે છે તેવી વાતો સભ્યોએ કરી સૌને ચોંકાવી દીધા હતા.

વિપક્ષ દ્વારા આજની સામાન્ય સભામાં સમિતિની કાર્યવાહી નોંધ માંગવાની વાતને પણ બહુમતિથી ફગાવી દેવાઈ હતી. તો સામાન્ય સભામાં સમયસર પહોંચી નહિ શકનાર તાલુકા વિકાસ અધિકારીઓ સામે ઠરાવ કરવાની સતત બીજી સામાન્ય સભામાં વાતો કરી કોંગ્રેસ પક્ષે સત્તાનો નશો બતાવ્યો હતો.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને મળેલ આજની ખાસ સામાન્ય સભામાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી ૧૦૦૦થી

● અનુસંધાન પાન-૫ પર

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર શહેરના તેજસ્વી તારલા



# વિજ્ઞાન પ્રવાહમાં શહેરનું ૮૮.૦૧ ટકા પરિણામ

**જિલ્લામાંથી ૬૦૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : જિલ્લાનુ પરિણામ ૮૬.૫૨ ટકા : જિલ્લામાંથી ૨૩ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ : ચારેય કેન્દ્ર પૈકી ગાંધીનગરનુ નંબર વન : ચાંદખેડાનુ સૌથી ઓછુ ૮૦.૭૪ : જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીઓનુ પરિણામ રીઝર્વ નહીં : પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ જિલ્લાનુ રાજયમાં ૧૩ મુ સ્થાન**

ગાંધીનગર તા ૧૧

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૭ માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૪ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૮૬.૫૨ ટકા આવ્યુ છે.જયારે ગાંધીનગર કેન્દ્રનુ જિલ્લામાં સૌથી વધુ ૮૮.૦૧ ટકા પરિણામ જાહેર થયુ છે. જિલ્લામાં નોંધાયેલા ૬૧૮૧ પૈકી ૬૦૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે આ પૈકી ૨૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જિલ્લાના ચારેય કેન્દ્રો પૈકી ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ આવ્યુ છે. જિલ્લાના એકપણ વિદ્યાર્થીનુ પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યુ નથી. પરિણામની દ્રષ્ટીએ ગાંધીનગર જિલ્લો સમગ્ર રાજયમાં ૧૩ માં ક્રમે રહયો છે.

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારનુ આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો હતો. બોર્ડનુ એકંદર પરિણામ ૮૧.૮૯ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લાનુ પરિણામ પણ ૮૬.૫૨ ટકા આવ્યુ છે. જિલ્લામાંથી ૬૧૮૧ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. જયારે આ પૈકી ૬૦૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. આ પૈકી ૨૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે ૨૨૬એ એ ટુ ગ્રેડ,૫૫૩ વિદ્યાર્થીઓએ બી વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ૮૦૦ વિદ્યાર્થીઓનો બી ટુ ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે અન્ય વિદ્યાર્થીઓનો સી વન થી ડી કેટેગરીમાં સમાવેશ થયો છે. જયારે ૮૧૭ વિદ્યાર્થીઓના કિસ્સામાં પરિણામ સુધારણાની જરૂરિયાત હોવાનુ પરિણામના અંતે ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર જિલ્લાના કેન્દ્રવાર પરિણામ પર નજર નાંખીએ તો ચાર કેન્દ્રો પૈકી ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ આવ્યુ છે. જેમાં ગાંધીનગર કેન્દ્ર પરથી ૪૨૯૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જયારે આ પૈકી ૪૨૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગાંધીનગર કેન્દ્રનુ સૌથી વધુ

● અનુસંધાન પાન-૫ પર

## શહેરના તેજસ્વી વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનુ નામ | શાળાનુ નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| સ્તુતિપ્રિયા જહા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૭૧ |
| તનુષ્કા શર્મા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૩ |
| હીમાની પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૨ |
| ખુશી દોશી | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૦ |
| વાણિયા હિમલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૫૮ |
| દેવર્ષ શાહ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૫૬ |
| અભ્યર્થના કારીયા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૫૨ |
| પ્રાચી સરસ્વત | માઉન્ટ કાર્મેલ સ્કુલ | |
| દ્રષ્ટી રાજેશકુમાર પટેલ | માઉન્ટ કાર્મેલ સ્કુલ | |
| બ્રિવા રાજકુમાર રાય | સેન્ટ ઝેવિયર્સ | ૪૫૩ |
| નિશિથા ધર્મેન્દ્ર વાઘ | સેન્ટ ઝેવિયર્સ | ----- |
| અપુર્વ પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૭૦ |
| સંકલ્પ એસ આચાર્ય | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૬૭ |
| કોષા બી પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૬૪ |
| ગોરે પ્રીત એમ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૬૫ |
| મહીન એમ શાહ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૫૭ |
| સિમરન જી હોટચંદાની | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૫૫ |
| અર્થ એમ શાહ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૪૫૨ |
| સલોની કે ધાર્વા | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ----- |

## નગરની શાળાઓના પરિણામની ટકાવારી

| | |
|---|---|
| માઉન્ટ કાર્મેલ સ્કુલ | ૧૦૦ |
| કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૯૭.૫૯ |
| સહજાનંદ સ્કુલ ઓફ અચિવર સરગાસણ | ૯૭ટકા |
| શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે.૨૩ | ૯૫.૫ |
| સે-૨૩ એમ બી પટેલ સ્કુલ | ૯૧.૮૩ |
| વેદ ઈન્ટરનેશનલ સ્કુલ | ૯૧.૬૬ |
| આર જી પટેલ કન્યા શાળા | ૯૧.૦૩ |
| ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ | ૯૦ |

## વોક ઈન ઈન્ટરવ્યુ

ગાંધીનગર જિલ્લામાં હાલ કાર્યરત **RNTCP** પ્રોગ્રામ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત હાલ એક વર્ષના સમય માટે માસીક ફીક્સ મહેનતાણાથી નીચે જણાવેલ જગ્યાઓ ભરવા માટે નીચે મુજબની લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે નીચે જણાવેલ તારીખે મૌખિક ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેઓના લાયકાતના અસલ તથા પ્રમાણિત કરેલ પ્રમાણપત્રો, ડ્રાઈવીંગ લાયસન્સ તથા અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડી અરજી સાથે લાવવાની રહેશે.

| અનું. નં. | જગ્યાનું નામ સ્થળ-સંખ્યા | જરૂરી લાયકાત | વધારાની લાયકાત મહેનતાણું | માસિક ફીક્સ |
|---|---|---|---|---|
| 1 | Senior Treatment Supervisor (STS) POST-1 (Tu:MANSA) | 5. Bachelor's Degree OR<br>6. Recognized sanitary inspector's Course<br>7. Certificate course in computer operation (minimum 2 months)<br>8. Permanent two wheeler driving license & should be able to drive two wheeler | 4. Tuberculosis health visistor's Recognized course<br>5. Govt. recognized degree/diploma in Social work or Medical Social work<br>6. Successful completion of basic training course (Govt. recognized) for Multi-purpose health workers | 15000/- |
| 2. | Senior Tuberculosis laboratory Supervisor (STLS) POST-1 (Tu:Gandhinagar) | 5. Graduate<br>6. Diploma in Medical Laboratory Technology of equivalent from a govt. recognized institution<br>7. Permanent two wheeler driving License & should be able to drive two wheeler<br>8. Certificate course in computer operations (minimum two months) | 1. Minimum one year experience in RNTCP | 15000/- |

**ઈન્ટરવ્યુનું સ્થળ : જિલ્લા ક્ષય કેન્દ્ર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, જી-૨ બ્લોક, પ્રથમ માળે, સિવિલ હોસ્પિટલ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**તારીખ : ૧૮/૫/૨૦૧૭, ગુરૂવાર ● રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે**

**શરતો :** (૧) ઉપરોક્ત જગ્યાઓ તદ્દન હંગામી અને કરારબદ્ધ છે. અને તે જગ્યાઓ પર અન્ય લાભો જેવા કે ટ્રાન્સપોર્ટ, રહેઠાણ, રજાઓ કે અન્ય કોઈપણ સરકારી લાભો મળવાપત્ર નથી. (૨) ઉપરોક્ત જગ્યાઓની ફરજ બજાવતા માટે હેડ ક્વાર્ટર પર રહેવું ફરજીયાત છે. (૩) અન્ય જિલ્લામાં આરએનટીસીપી પ્રોગ્રામમાં કામ કરતા એ એનઓસી લાવવું ફરજીયાત છે. (૪) અન્ય શરતો અને બાબતો **RNTCP** ગાઈડલાઈન મુજબની અથવા સોસાયટીના નિર્ણય મુજબની રહેશે.

**ચેરમેનશ્રી**
**જિલ્લા આરોગ્ય સોસાયટી (ટીબી) સબ કમીટી ગાંધીનગર**
**અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ગાંધીનગર**






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com